# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## GANDHINAGAR NEW MAYOR

ગાંધીનગરના નવા મેયર તરીકે  મીરાંબેન પટેલની નિમણૂંક કરાઇ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની યોજાયેલી બેઠકમાં મીરાબેનના નામની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.. તેમનો કાર્યકાળ અઢી વર્ષ માટેનો રહેશે. જ્યારે નાયબ મેયર તરીકે નટવરજી ઠાકોરના નામની વરણી કરાઇ હતી.

----------

# VACCINATION

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતેથી ટિટેનસ અને ડિપ્થેરીયા અને DPT ત્રિગુણી રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા  અનુરોધ કર્યો હતો.

(બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

--------------

## CM- 44 Recharge borewell

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઓડિટોરિયમ હોલમાં આજે વધુ 44 રિચાર્જ બોરવેલનું લોકાર્પણ કરવામાં આવ્યું. પ્રદીપભાઈ ધામેચા પરિવાર સહયોગથી આ બોરવેલને રિચાર્જ કરવામાં આવ્યા છે. અગાઉ ગાંધીનગર, રાજકોટ અને જામનગરમાં બોરવેલ રીચાર્જ કરવામાં આવ્યા હતા.  આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય રીટાબેન પટેલ, ધારાસભ્ય કેયુર રોકડીયા સહિત સમાજના આગેવાનો અને સમાજના લોકો ઉપસ્થિત રહ્યા

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ પરિવાર દ્વારા યોજાયેલા રિચાર્જ બોરવેલના આ કાર્યક્રમમાં  ગુજરાતમાં 75 રિચાર્જ બોરવેલ પૈકી 31 રિચાર્જ બોરવેલ સફળ લોકાપર્ણ થયા છે.

. --------------------

## AMRELI BJP AVEDAN PATRA

ખાનગી કંપનીઓ દ્વારા ખોટા કેસો કરીને ખેડૂતોને પરેશાન કરવામાં આવી રહ્યાં હોવાનો અમરેલીના બાબરકોટના ખેડૂતોએ આરોપ લગાવ્યો છે.

આ મામલે જાફરાબાદના બાબરકોટના ખેડૂતોએ કલેકટર કચેરીએ જઇને આવેદનપત્ર આપ્યું હતું. ભાજપના નેતા અંબરીશ ડેરની આગેવાનીમાં બાબર કોટના ખેડૂતોએ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.. ખેડૂતોની જમીનો પ્રશ્ને સિમેન્ટ કંપનીઓ સામે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે..આ સમસ્યાના નિરાકારણ માટે ખેડૂતોની રજૂઆતના પગલે આવતીકાલે કંપનીના અધિકારીઓ, ખેડૂતો સાથે કલેકટર બેઠક યોજશે.

................................

## VISHVA SICKLE CELL DIVAS

આવતીકાલે વિશ્વ સિકલ સેલ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ એક આનુવંશિક રક્ત વિકૃતિ ધરાવતો રોગ છે, જે મુખ્યત્વે આદિવાસી સમુદાયના લોકોને અસર કરે છે. રાજ્યમાં સિકલ સેલ એનિમિયાનો રોગ મુખ્યત્વે અંબાજીથી લઇને ઉમરગામ સુધીના પટ્ટામાં વસતા આદિજાતિ સમુદાયના લોકોમાં જોવા મળે છે, જેમાં અરવલ્લી, બનાસકાંઠા, સાબરકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ એમ 14 જિલ્લાઓનો સમાવેશ થાય છે.

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2006માં રાજ્યમાં સિકલ સેલ એનિમિયાના દર્દીઓની સંખ્યામાં ઘટાડો કરવા અને આ રોગ પર

નિયંત્રણ માટે ‘સિકલ સેલ એનિમિયા નિયંત્રણ’ કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના કુલ 1 કરોડથી વધુ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે સામૂહિક સ્ક્રીનિંગ કાર્યક્રમનું આયોજન કરવા ઉપરાંત, લગ્ન પહેલા જિનેટિક કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ પર પણ ભાર મૂક્યો છે. સાથે જ, રાજ્ય સરકારે આ રોગ માટે મોટા પાયે જાગૃતિ અભિયાન અને કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ્સનું પણ આયોજન કર્યું છે. એટલું જ નહીં, પરંતુ સિકલ સેલ કાઉન્સેલર દ્વારા આદિજાતિ જિલ્લાઓમાં રહેતા લોકોમાં આ રોગનું નિદાન કરવામાં આવે છે, જેથી આવનારી પેઢીમાં આ વારસાગત રોગને ફેલાતો અટકાવી શકાય.

પ્રધાનમંત્રીનું 2047 સુધીમાં સિકલ સેલ એનિમિયાને નાબૂદ કરવાનું લક્ષ્ય છે.

----------------

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો 28 મી તારીખ સુધીમાં નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા મોકલી શકશે. મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી મન કી બાતના હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું જીવંત પ્રસારણ કરશે.

-----------------

## JAMNAGAR SCHOOL FIRE

જામનગરની મોદી સ્કૂલમાં બેઝમેન્ટમાં આવેલા મીટરમાં આગનો બનાવ બનતાં દોડધામ મચી ગઇ હતી.. આ શાળામાં 700 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આગની ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી અને વિદ્યાર્થીઓને સલામત સ્થળે ખસેડી લેવાયા હતાં..

.................

## RAIN

આજે સવારથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યા હોવાના અહેવાલ છે. જેમાં દીવ ખાતે બે દિવસ ના વિરામ બાદ આજે ફરી વરસાદનું આગમન થયું હતું. સવારના તડકા બાદ અચાનક જ વરસાદી વાતાવરણ સર્જાતા ઝાપટાં પડતા વાતવરણમાં ઠંડક પ્રસરી હતી.. સુરત જિલ્લાનાં કીમ, પાલોદ, કોસંબા સહિતના વિસ્તારોમાં બપોર બાદ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો, જ્યારે માંગરોળ, ઉમરપાડામાં વહેલી સવારથી જ વરસાદી માહોલ સર્જાયો હતો.. જ્યારે તાપીના વ્યારા નગર સહિત આસપાસના ગામોમાં પણ હળવા વરસાદે રસ્તાઓને ભીંજવી દીધઆ હતા..

---------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................